નમસ્કાર ગાંધીનગર

પમરાટ

લાવ તારો હાથ આપી જો મને
તું હૃદયમાં ક્યાંક સ્થાપી જો મને
પ્રેમ જેનું મૂળ છે એ વૃક્ષ છું..
લે,ઉખેડી કે ઉથાપી જો મને.

- ત્રિલોક મહેતા

પાથેય

- રમેશ ઠક્કર

સુખના દ્વારે સહજ ટકોરા

જીવન જીવવાની કળા એટલે શું?કોઇક હસમુખી વ્યકિતને મળીએ ત્યારે આપણે કહીએ છીએ 'તમે સરસ જીવો છો..' એવું કહેવાય છે કે સુખી થવાની કોઇ ચાવી નથી...કેમકે સુખના દરવાજા ઉપર જે તાળું દેખાય છે એ આભાસી હોય છે! એટલે તમે જો સુખના દ્વારે સહજ ટકોરા કરો તો એ હંમેશા ખુલ્લા જ હોય છે..

ખુશહાલ રહેવા માટે દરેક પળને વ્હાલ કરવું જરૂરી છે.. જે મળ્યું છે એ જ ઉત્તમ..જેની અભિપ્સા છે એ મળી જ જાય એવું માનવું નિરર્થક...

કોઇકે સરસ કહ્યું છે કે 'સુખ એટલે આપણી પાસે જે ફૂલો છે એમાંથી ગજરો બનાવવાની કળા..' શરત એ છે કે તમારી પાસે જે ફૂલો છે એને જ સજાવવાનાં છે..આપણી ઉપલબ્ધિને જ આખરી માનવાની હોય છે.પોતે જ પોતાના સંતોષ ની સીમા નક્કી કરવાની છે....

લઘુતા એ પ્રસન્નતા સામેની મોટી અડચણ છે..આપણી પાસે નથી, નથીની યાદી જેટલી લાંબી..સુખ કદાચ એટલું જ દુર રહેતું હોય છે... સરળતા એ સુખનો પાસવર્ડ છે..પણ આપણે અઘરા પાસવર્ડ પસંદ કરીએ છીએ...

આર્ટ ઓફ લિવિંગ એટલે શું..? આ પંકિતઓ જુઓ..

'જિંદગી ને જીવવાની ફિલસુફી સમજી લીધી...

જે મળી ખુશી જીવનમાં આખરી સમજી લીધી.'

આપણી મનઃ સ્થિતી એ આપણી જીવનશૈલીનું વોલપેપર છે...સ્વચ્છ મનોભાવો અને સરળ જીવન વ્યવ્હાર કદાચ આપણને વધારે પરિપુષ્ટ બનાવે છે. મોટાભાગે આપણે જિંદગીને કોયડો માની ઊકેલવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ..હકિકતમાં એ હયાતી છે જેને જરૂર છે મક્કમ હલેસાંની...

Life is journey not a destination...એવું કહેવાયું છે...લક્ષ્યાંકો યોજનાના હોઇ શકે જીવનના નહી..જીવન જેમ ખુલે છે એમજ એને માણવાનું અને શણગારવાનું...ખુશીના ખેતરે..લાગણીઓની વાવણી અને સંતોષનું સિંચન આપણને અકિંચન થતા બચાવે છે...

સ્ત્રી સન્માન સાથે કોઈ સમાધાન નહીં

તંત્રીસ્થાનેથી...

કર્ણાટકના ભૂતપૂર્વ સ્પીકર અને વરિષ્ઠ ધારાસભ્યે અંગ્રેજીમાં વર્ષોથી પ્રચલિત રૂઢપ્રયોગનો વિધાનસભાની ચર્ચા વખતે આશ્રય લીધો એમાં એમનો બદઈરાદો નહોતો. એવી સ્ત્રી શરીર સાથેની રમૂજ દરેક ભાષામાં દરેક સમયગાળામાં ચાલતી રહી છે અને ચાલતી રહેવાની છે. પરંતુ સુસંસ્કૃત, ભદ્ર અને કહેવાતા સભ્ય કે શાલીન સમાજ માટે એ જરૂર નિંદાપાત્ર ગણાશે. વ્યવહાર અને આદર્શ વચ્ચે આભજમીનનું અંતર છે. પૂર્વ નાયબ વડાપ્રધાન દેવીલાલથી લઈ સુસતી લાલાઓ પર્યંત સ્ત્રીના ઉપભોગનો અર્થ ધરાવતી એક ગાળ અતિ પ્રચલિત છે. દેવીલાલે તો પત્રકારને આપેલી મુલાકાતમાં પણ એ 'અભદ્ર' ગાળનો ધ્રુવપંક્તિની જેમ ઉપયોગ કરેલો અને પત્રકારોએ એનો ગેરફાયદો ઉઠાવી એમના પર માછલાં પણ ધોયેલાં. જો કે કોઈએ અદાલતમાં જઈ એ બડકમદાર નેતાને પકડારવાની હિંમત નહોતી કરી. શબ્દકોશના કોઈ પણ શબ્દ કરતાં ગાળમાં વધારે તાકાત ભરેલી છે. એ સામા માણસને નખશિખ વેતરી નાખે છે અને એ મરવા-મારવા પર આવી જાય છે. સંસ્કૃતિ સાથે જ વિકસેલી આ વિકૃતિ પણ આપણી ભાષા સમૃદ્ધિની ધરોહર જ ગણાવી જોઈએ. દુનિયામાં કોઈ પણ દેશ, જ્ઞાતિસમાજ સ્ત્રી સંદર્ભે વપરાતા અશ્લીલ શબ્દપ્રયોગો કે ગાળથી વંચિત નથી એ જ શું પૂરક નથી ? રમૂજ ખાતર પણ સ્ત્રીના જનનાંગને ઢસડવાની જુગજૂની પ્રથા છે અને તે દરેક પ્રજા તથા દરેક ભાષામાં છે એટલું સમજીએ તો પેલા કમનસીબ રાજકારણી પ્રત્યે આપણે નફરત નહીં કરી શકીએ. દંભી જીવનશૈલીમાં ભદ્રતા અને શાલીનતાની જે લક્ષ્મણ રેખાઓ આંકવામાં આવી છે તેની સામે વાંધો ન જ હોવો જોઈએ. જો પરંપરાગત રહેલી સ્ત્રીને સમાન દરજ્જો આપણો હશે તો આવી કોમેન્ટ સામે પ્રતિબંધ લાદતો કાનૂન પણ બનાવવો પડશે. કોંગ્રેસના સિનિયર પ્રાદેશિક નેતાની અભદ્ર કોમેન્ટને બધાએ એકી અવાજે વખોડી છે. ભારતીય જનતા પાર્ટી એને રાજકીય ભાણું ન ગણી લે એટલા સારું સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનાં અધિકૃત પ્રતિનિધિ સમાં પ્રિયંકા ગાંધી તથા રાજયસભાના નેતા મલ્લિકાર્જુન ખડગેએ આ કોમેન્ટ વિરુદ્ધ સ્પષ્ટ વિરોધ નોંધાવ્યો જ છે. ભાજપના મહિલા મિનિસ્ટર સ્મૃતિ ઈરાની તથા સમાજવાદી પાર્ટીનાં અભિનેત્રી સાંસદ જયા બચ્ચને વ્યક્ત કરેલ આક્રોશ રાજકીય દૃષ્ટિકોણ પ્રેરિત છે એમ માનવું ઉચિત નથી. કોઈ પણ સ્ત્રીને, પછી તે અભણ સફાઈ કામદાર હોય કે 'ઈંદિરા ગાંધી' - આવી અશ્લીલ હરકત અસહ્ય જ લાગે. કયારેક રણમાં વીરડીની જેમ આવા ઘોર કલિકાળમાં અભદ્ર ભાષાને પરંપરાગત ઈજારો માની બેઠેલા પોલીસદળના કોઈ નિવૃત્ત અધિકારીને ગામનાં તરુણાઓને આઈપીસીની કલમો સમજાવવા માટે રામાયણ-મહાભારત જેવી લોકપ્રિય સિરિયલોના પ્રસંગોનાં ઉદાહરણ ટાંકવાનું સૂઝે છે, તો વળી ખરે જ આપણા સમાજ માટે આશાનું કિરણ બની રહેશે. ગાંધીનગર પાસેના કોલવડામાં નિવૃત્ત પીઆઈ આવો એક વિશિષ્ઠ પ્રયોગ કરી રહ્યા છે. અલબત્ત, પૌરાણિક ઉદાહરણોથી ઈન્ડિયન પીનલ કોડની કલમો જલદી સમજાઈ જાય ખરી, પરંતુ સાથે સાથે એ પણ યાદ રાખવાની જરૂર છે કે મહાભારતકાળમાં જુગાર એ કોઈ ગુનો નહીં પરંતુ રાજરમત હતી! યુધિષ્ઠિર તો ધર્મરાજા ગણાયા છે પરંતુ જુગાર એમને પ્રિય હતો. વળી સ્ત્રી તે જમાનામાં પતિની માલિકીની જણસ ગણાતી હતી. એટલે દ્રૌપદીના લાખ વલોપાત છતાં ભીષ્ણ, દ્રોણ કે કૃપાચાર્ય એની તરફેણ કરી શક્યા નહોતા કે બળવાન ભીમ-અર્જુન ઊભા થઈને દુ:શાસનને પડકારી શક્યા નહોતા. આપણે આપણા પૂર્વજો કરતાં ઘણાં વધારે 'સારા' છીએ - સુધરેલા છીએ : એનું આપણને ગૌરવ હોવું કોઈ સ્ત્રી સામે એકી ટશે જોયા કરવું એ પણ છોડતીનો ગુનો ગણાય છે !

ભ્રષ્ટાચાર એ રાષ્ટ્રીય આર્થિક આતંક સમાન

ભ્રષ્ટાચારના આરોપીની સંપત્તિ જપ્ત થશે - સુપ્રિમ કોર્ટ

"ભ્રષ્ટાચારના ગુનામાં દોષિત જાહેર થયા પહેલા તેમની સંપત્તિ જપ્ત કરવાની વિશેષ અદાલતોને સત્તા છે"

સાર્વજનિક અને રાજનીતિક ઉચ્ચ પદો ઉપર બિરાજતી વ્યક્તિ કે અધિકારી દ્વારા ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠરતા સુપ્રિમ કોર્ટે આવા દોષિતો સામે લાલ આંખ કરી છે અને તેમની સંપત્તિ જપ્ત કરવાનો હુકમ સુપ્રિમ કોર્ટે આપતા દેશના ઉચ્ચ પદાધિકારીઓ અને રાજનીતિઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. સુપ્રિમ કોર્ટે બિહાર અને ઓરીસ્સાના હાઈકોર્ટે આપેલ ચુકાદાને સંવૈધાનિક રીતે સમર્થન આપતા જણાવ્યું કે, ભ્રષ્ટાચારએ સામાજીક આપદા અને રાષ્ટ્રીય આર્થિક આંતક બનતો જાય છે. બીજી બાજુ તેની ઉપર કાબુ કરવાની તાતી જરૂર છે. જો આમ કરવામાં નહી આવે તો દેશ આર્થિક રીતે ખોખલો થતો જશે અને દેશનું નાણું વિદેશમાં બિન અસરકારક રીતે જમા થતું જશે. ઓરિસ્સા વિશેષ અદાલત કાનૂન તથા બિહાર વિશેષ અદાલત કાનૂન ને વૈધાનિક દર્શાવેલ અને બંને રાજ્યોના ચુકાદાને બંધારણીય રીતે કાયદેસરતા આપેલ અને નીચલી અદાલતોના ચુકાદાઓને માન્ય ગણેલ.

બંને રાજ્યોના વિધાનસભાએ કાયદો પસાર કરેલ કે, ભ્રષ્ટાચારના કેસમાં આરોપ સાબિત થતા આરોપીઓની સંપત્તિ જપ્ત કરવામાં આવશે અને અદાલતો દ્વારા આવી સંપત્તિ જપ્ત કરવા માટે સહમતી આપવાનું પ્રાધાન્ય આપવું જોઈએ. અદાલતે જણાવ્યું કે, કાનૂનએ સંવિધાનનું ઉલ્લંઘન કરવા માટે નથી. એક તરફથી ભ્રષ્ટાચારએ રાષ્ટ્રનો આર્થિક આંતક બની ગયેલ છે. આ સામાજીક આપદાને જેના ઉપર અલગ રીતે કાબુ કરવો જરૂરી જ નહી અનિવાર્ય છે. તેથી સંસદ કડક રીતે પાલન કરવા વિશેષ કાનુન બનાવેલ છે. અદાલતે જણાવેલ કે, આ કાનૂન મારફત વિશેષ અદાલતોની સ્થાપના બંધારણના અનુચ્છેદ-૨૪૭નો ભંગ કરતી નથી. ખંડપીઠે અપરાધીઓને આરોપમાં દોષિત ઠરવાથી તેમની સંપત્તિ જપ્ત કરવા સંબંધિત કાયદાને કાનુની રીતે સંવિધાનીક દર્શાવેલ છે. જે સંવિધાનના હનન પાત્ર ક્યારેય નથી. ભ્રષ્ટાચારીઓની સંપત્તિ જપ્ત કરવી એ બંધારણીય રીતે કાયદેસર જ છે. બંધારણની કલમ-૧૯ અને ૨૦(૧) મુજબ તથા ૨૧ મુજબ આવી સંપત્તિ જપ્ત કરવી એ કાયદેસર જ છે. જેને ઉપલી અદાલતોમાં ચેલેન્જ કરતી પીટીશન ઉપર સુપ્રિમ કોર્ટે ચુકાદો આપતા યથાર્થ ઠેરવેલ છે.

સુપ્રિમ કોર્ટે પણ દલીલ ફગાવી દીધી કે, ભ્રષ્ટાચારના અપરાધમાં દોષિત પામતા પહેલા તેની સંપત્તિ જપ્ત કરવી એ ગુનો સાબિત થયા પહેલા ફરમાવવાતી સજારૂપ છે. આ એવો અપરાધ છે કે, અપરાધીએ તેની આવક કરતા વધુ સંપત્તિ તેના હોદ્દાના નાતે તથા સત્તાનો દુરૂપયોગ કરી કરેલ છે. જેથી આવી સંપત્તિ મળવી એ જ મોટો ગુનો છે. તેમાં પુરાવાની કે ગુણદોષમાં પડવાની જરૂર જ નથી. ભ્રષ્ટાચારનો આનાથી મોટો પુરાવો હોઈજ ના શકે કે વ્યક્તિની આવક કરતા તેના તથા તેના પરિવારની મિલકતો વધારે હોય.

ભ્રષ્ટાચારના કેસોમાં અલગથી સમિતી કે અદાલતની કાયદેસરતા ઉપર પણ સવાલો કરવા એ ગેરબંધારણીય છે. વિશિષ્ટ અદાલતો દ્વારા આવા કેસોમાં ઝડપી ઉકેલ લાવી ગુનેગનરને સજા ફરમાવવી અને વિશેષાધિકારનો ઉપયોગ કરવોએ બંધારણ મુજબ કાયદેસર જ છે. તેમાં કશુંય ગેરબંધારણીય નથી. તેમાં બંધારણની કલમ-૧૪નો કોઈ જ ભંગ થતો નથી.

ગેરકાયદેસર રીતે ભ્રષ્ટાચારથી પ્રાપ્ત કરેલ સંપત્તિએ ઈમાનદાર લોકોની નિષ્ઠાને ખતમ કરે છે. ભ્રષ્ટાચારીઓના કારણે ઈમાનદાર અધિકારી વર્ગને સહન કરવું પડે છે. જેનો ઈતિહાસ સાક્ષી છે તેથી પણ ભ્રષ્ટ અધિકારીઓ કે રાજનેતાને ગેરબંધારણીય રીતે જમા કરેલ સંપત્તિ તથા આવા કેસો માટે વિશેષ અદાલતની રચના કરવી અને ન્યાય આપવોએ કોઈપણ રીતે બંધારણીય નથી જ. ઓરીસ્સા અને બિહાર સરકારે પસાર કરેલ વિશેષ કાનુનને સુપ્રિમ કોર્ટે બહાલી આપેલ છે. દેશના બીજા રાજ્યોએ પણ આનું અનુકરણ કરવું જોઈએ.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે, સંસદને ૭માં પરિશિષ્ટમાં સંઘ યાદીમાં નિર્દિષ્ટ કરાયેલ

અનુસંધાન પાના નં. ૭ પર

દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ
  એકતાને સંદેશ પહોંચાડવા સંયુક્ત રાષ્ટ્રે આજના દિવસને આંતરરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ ઊજવવા ઘોષણા કરી છે. આ દિવસનો ઉદ્દેશ્ય નાગરિકોને વિવિધતામાં એકતાનું મહત્ત્વ બતાવવા જાગૃતતા ફેલાવવાનું છે.

આજનું

ઔષધ

- જમતા પહેલાં આદું, લીંબુ અને સિંધવ ખાવાથી એપેન્ડીક્સમાં લાભ થાય છે.
- આદુનો રસ અને મધ સરખા ભાગે લેવાથી કફ મટશે.

ખડખડાટ

- શું તમે ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક દ્વારા પૈસા કમાવવા માંગો છો ?
  જો તમારી હા છે તો !
  બંને ડિલીટ કરીને કામ ધંધે લાગી જાઓ ...!

આજનો

વોટ્સએપ

- જનનીની ગોદમાં અને ગુરુની છાયામાં જે જ્ઞાન અને આનંદ મળે છે તે વેદોમાં ગોથા મારવા છતાં મળતું નથી.

વિચાર

- સફળ માણસની 'ટીકા' નિષ્ફળ માણસનો ફેવરીટ 'ટાઈમપાસ' હોય છે
  - રોહિત શાહ
- નસીબ એ શોધવાની નહીં પ્રગટાવવાની બાબત છે.
  - એરિક બટરવર્થ
- જહા હમારાં સ્વાર્થ સમાપ્ત હોતા હૈ !
  વહીં સે હમારી ઈન્સાનિયત આરંભ હોતી હૈ !!
  - અમૃતબિંદુ

ભાષા એ અભિવ્યક્તિનું સર્વોચ્ચ માધ્યમ છે

Do you ever feel ?
Already buried deep
Six feet under screams.
But no one seems to hear a thing
Do you know that there's
still a chance for you
Cause there's a spark in you
You don't have to feel
Like a wasted spece.
You're original Can't be replaced
If you only knew
what the future holds
After a hurricane comes a rainbow
maybe the reasons way
all the doors are closed so
you could open one that leads
you to the perfect road

- Katy Perry (Firework)

ભાષા એ અભિવ્યક્તિનું સર્વોચ્ચ માધ્યમ છે. આજકાલ મોટાભાગના લોકો બાળકોને અંગ્રેજી માધ્યમમાં જ ભણાવવાનું પસંદ કરે છે. આ બાબત કેટલી યોગ્ય અને કેટલી અયોગ્ય છે એ વિશે ચર્ચા કરવાને બદલે હવે આ બાબતને સમયની માંગ ગણીને આગળ વાત કરીએ તો અંગ્રેજી ભાષાના કેટલાક ગીતો આપણને આપણી માતૃભાષા" ગુજરાતીની કવિતાઓ જેવા જ લાગે છે. ભાષા ભલે ગમે તે હોય પરંતુ, માણસના ભાવની અભિવ્યક્તિ મોટાભાગે એકસમાન રહે છે. કેટી પેરીનું ઉપરોક્ત ગીત આપણને આપણા પાઠયપુસ્તકના અભ્યાસક્રમમાં આવતું અમૃત ઘાયલનું ગીત

રસ્તો નહિ જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના?"
અથવા, પ્રાર્થના...
તું તારા દિલનો દીવો થા ને,
ઓ રે ઓ રે ઓ ભાયા...."
એની યાદ અપાવી દે છે.

આપણા ઘરોમાં આપણે ગુજરાતી ભાષામાં વાતચીત કરતા હોઈએ અને બાળકો શાળામાં અંગ્રેજી માધ્યમમાં ભણે ત્યારે બાળક બંને ભાષાઓ એકસાથે ગ્રહણ કરતા થઈ જાય છે. બાળકોને ગુજરાતી કવિતાઓ પરાણે શીખવવાને બદલે એમના પાઠ્યપુસ્તકમાં આવતી વાર્તાઓ અને કવિતાઓ તેમની પાસેથી સમજવા, શીખવા કે Share કરવાની જો શરુઆત કરવામાં આવે તો આપણે તેમને શીખવી શકીશું કે આના જેવી જ વાત ગુજરાતી ભાષાસાહિત્યમાં આ રીતે અભિવ્યક્ત કરવામાં આવે છે. આ રીતે આપણે "જનરેશન ગેપ' ને પણ ઘટાડી શકીશું અને સાહિત્યની સુંદર-સુંદર રચનાઓનું આદાનપ્રદાન પણ ખૂબ સહજ અને સરળ રીતે કરતાં શીખી જઈશું. જેમ વિવિધ ધર્મગ્રંથોનો સાર મુખ્યત્વે એકસમાન જ હોય છે. તે પ્રમાણે વિવિધ ભાષાઓમાં રચાયેલું સાહિત્ય મનુષ્યના મનમાં ઉદ્ભવતા ભાવોનો પ્રતિસાદ જ હોય છે. જરુર માત્ર દૃષ્ટિકોણને વિશાળ બનાવવાની તેમજ ઉલટભેર અન્ય ભાષાની સાહિત્યિક રચનાઓને માણવા માટે તત્પર રહેવાની જ છે.

આપણે આપણી આસપાસ એવી ઘણી વ્યક્તિઓને જાણીએ છીએ કે જેઓ શાળાજીવન દરમિયાન અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હોવા છતાં ગુજરાતી ભાષા પ્રત્યેનો તેમનો સંબંધ અતૂટ હોય છે. ગુજરાતી ભાષાસાહિત્યના ઉત્તમોત્તમ સર્જકો તેમણે માણ્યા હોય છે. અને તે જ પ્રમાણે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ અન્ય ભાષાસાહિત્યને પણ માણતા જ હોય છે. આ તમામ ભાષાઓ સેંકડો વરસથી ખેડાતી આવી છે. જેના પરિણામ સ્વરુપે સેંકડો વરસનું ઉત્તમ સાહિત્ય વિવિધ ભાષાઓમાં રચાયું છે.

તો આવો, ગ્લોબલાઈઝેશનના આજના યુગમાં વિવિધ ભાષાઓનાં સુંદર અને સર્વોત્તમ સર્જનો આપણા વિદ્યાર્થીઓ, બાળકો માણતા થાય એ માટે આપણે પણ તેમની આ યાત્રામાં જોડાઈ જઈએ અને તેમની સાથે-સાથે વૈવિધ્યસભર ઉત્કૃષ્ટ રચનાઓને જુદી-જુદી ભાષાઓમાં માણતા શીખીએ.

Last Seen :

સૂરજ વિનાના અને છાંયડા વિનાના ધોમ તડકા સૂસવાટે હવે રાતના,

લોચનની ભાષામાં ઘટના કહેવાય અને જીવતરની ભાષામાં યાતના.

- રમેશ પારેખ

- nehalgadhavi101@gmail.com

એક શિક્ષકે કર્યો ગામનો કાયાકલ્પ: તમામ પ્રાથમિક શાળામાં જનકભાઈ પટેલ જેવા શિક્ષક-આચાર્ય હોય તો?

આદર્શ આચાર્ય અને ઉત્તમ શિક્ષક કેવા હોય તે જાણવું હોય તો આપણે જનકભાઈ પટેલને નામના યુવકને મળવું પડે. આદર્શ શાળા કેવી હોય તે જોવી હોય તો જનકભાઈએ આંખોમાં સ્વપ્ર આંજીને, હૃદયમાંથી પ્રેમ અને સંવેદનાનું સીંચન કરીને, દિવસ-રાત પરસેવો રેલાવીને, દિવસ-રાત કામ કરીને, જરૂર પડી તો જાગરણ કરીને... સર્જેલી જમિયતપુરા પ્રાથમિક શાળા (તા. કડી, જિ. મહેસાણા)ની એક વાર મુલાકાત લેવી પડે. આ ગામ થોળથી ૧૩ કિલોમીટરના અંતરે આવેલું છે.

તેમના સંપર્કમાં આવીએ તો સરસ્સ્વતી દેવીના સાંનિધ્યમાં બેઠા હોઈએ તેવી અનુભૂતિ થાય. તેમની સાથે સંવાદ કરતા હોઈએ ત્યારે વિદ્યાદેવીની હાજરી પણ છે તેવો અનુભવ થાય. તેઓ નર્યા શિક્ષક છે.

તેમણે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના જમિયતપુરા ગામમાં એક આદર્શ શાળાનું સર્જન કર્યું છે. તેમનાં જીવનસાથી અને ઉત્તમ શિક્ષિકા ભૂમિકાબહેને કાયમ તેમને સાથ આપ્યો છે. આ ઉપરાંત શાળાના અન્ય શિક્ષકોએ પણ શ્રીમતી સોનલબહેન પટેલ, શ્રીમતી નયનાબહેન પટેલ, શ્રી રસિકભાઈ વાળંદ પ્રતિબદ્ધતાથી સુંદર કામ કર્યું છે. શિક્ષક પિતા પ્રેમજીભાઈનો સંસ્કાર વારસો, માતા શારદાબહેનનો પ્રેમ અને મોટાભાઈ શિક્ષક-આચાર્ય ધર્મેન્દ્રભાઈ પટેલનું માર્ગદર્શન તેમને વધારે કામ કરતા રાખે છે.

● ● ●

જનકભાઈના પિતાજી પ્રેમજીભાઈ પટેલ શિક્ષક હતા, ખેડૂત પણ હતા. જોકે તેમણે આગ્રહપૂર્વક પોતાના બંને દીકરાઓ ધર્મેન્દ્રભાઈ અને જનકભાઈને શિક્ષક બનાવ્યા. જનકભાઈ દસમા ધોરણ સુધી ભણવામાં સામાન્ય હતા. દસમા ધોરણમાં માંડ ૫૭ ટકા આવેલા. જોકે, અગિયારમા ધોરણમાં આર્ટ્સના મનગમતા વિષયો મળ્યા એટલે બારમા ધોરણમાં તેમને ૭૭ ટકા આવ્યા અને શિક્ષક બનવાનો માર્ગ ખૂલ્યો.

તેમણે અમદાવાદની ખ્યાતનામ શેઠ સી.એન.માંથી પીટીસી કર્યું. તેમણે ૧૧-૧૨ સર્વ વિદ્યાલય, કડીમાંથી કરેલું એટલે છગનભા અને માણેકદાદાનું વિદ્યાતપ તેમનામાં ઉમેરાયું. બાકી હતું તે સી.એન.માં ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' ના સ્પંદનોએ પૂરું કર્યું.

૨૦૦૩માં જનકભાઈને કડી તાલુકાના છેવાડાના ગામ પાલ્લીમાં શિક્ષક તરીકે નોકરી મળી. સવા-બે વર્ષ નોકરી કરી. એ પછી ૧૫મી જૂન, ૨૦૦૫ના રોજ તેઓ કડી તાલુકાના જમિયતપુરા ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે જોડાયા. જાણે કે, જમિયતપુરા ગામ તેમની પ્રતિક્ષા જ કરતું હતું. ૧૬ વર્ષમાં, આ જ સુધીમાં જનકભાઈ પટેલે ગામની શાળાને મેઘધનુષ્ય બનાવી છે. તેના સાતેય મનમોહક રંગોમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, વાલીઓ પણ ઝીલાયા.

● ● ●

જમિયતપુરા ગામમાં સ્વતંત્રતા પછી એક પણ છોકરી ધોરણ ૧૦ પાસ થઈ નહોતી. અત્યારે તો સ્થિતિ સાવ બદલાઈ ગઈ છે. કૈલાસબહેન ઠાકોર નામની દીકરી સૌ પ્રથમવાર ૧૦-૧૨ પાસ કરીને બી.સી.એ. થઈ. એ પછી તો ઝંઝાબહેન ઠાકોર, કાજલબહેન ઠાકોર, સુધાબહેન ઠાકોર એમ નવાં નવાં નામો જોડાતાં ગયાં. ૨૦૨૦માં બારમા ધોરણમાં ભણતા છ એ છ વિદ્યાર્થીઓ પાસ થયા અને દરેકે કોમ્પ્યૂટરના બીઓક્સ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો. આ શાળાના વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થી કરણભાઈ ઠાકોર એમ.બી.એ. થયા અને વર્ક ફ્રોમ હોમ કરીને ઘેર બેઠાં સારી કમાણી પણ કરી રહ્યા છે. આ શાળાના વિદ્યાર્થીઓ ગ્રામસેવકનું પણ ભણી રહ્યા છે. એકથી સાત ધોરણ સુધીની આ શાળામાં ૯૧ વિદ્યાર્થીઓ છે. શાળાની પ્રતિષ્ઠા એટલી બધી છે કે ગામનું દરેક બાળક આ શાળામાં જ ભણે છે (બહાર ભણવા જતું નથી). એટલું જ નહીં, બહારગામનાં બાળકો અહીં ભણવા આવે છે.

જનકભાઈ આ શાળામાં જોડાયા પછી તેમણે શાળાને દેખાવ અને સ્વભાવ બંનેમાં ગુણવત્તાવાળી બનાવી દીધી. ઈકો ફ્રેન્ડલી આ શાળા એટલી બધી સોહામણી છે કે બાળક તો શું કોઈ વાલી અંદર જાય તો પણ તેને ભણવાનું મન થઈ જાય. આ લખનારે ગુજરાતની અનેક શાળાઓ જોઈ છે, પણ અહીં જે સર્જન થયું છે તે કાબિલે તારીફ છે.

● ● ●

તમે દૂરથી જોશો તો પણ લીલીછમ શાળા તમને સાદ કરીને બોલાવશે. શાળામાં તમે પ્રવેશ કરશો એટલે લત્તામંડપો પર લહેરાતી જુદી જુદી વેલ હસીને તમારું સ્વાગત કરશે. વૃક્ષો તેમાં સાદ પૂરાવશે અને પક્ષીઓનાં ટહૂકા પણ તમને આવકારશે. શાળાના તમામ ખંડોમાં આકર્ષક ચિત્રો અને લખાણો છે. લખાણો દૃષ્ટિપૂર્વક પસંદ કરાયેલાં છે. આખી શાળામાં જે શૈક્ષણિક ચિત્રાંકનો કરાયાં છે તે જોઈને લાગે કે કોઈ બાળક એટલું ભણી-શીખીને પણ એકાદ ધોરણ તો પાસ થઈ જવાય. જનકભાઈ પટેલે શાળામાં પાંચ નવા રુમો બનાવડાવ્યા છે. શાળાના નાનકડા પરિસરમાં બાગ-બગીચા છે. દૃષ્ટિપૂર્વક પસંદ થયેલાં ૨૫૦ જેટલાં વૃક્ષો અને છોડ છે. અહીં તમને હર્બલ ગાર્ડન જોવા મળે જેમાં ૨૫-૩૦ પ્રકારની વનસ્પતિઓ વાવવામાં આવી છે. એક કીચન ગાર્ડન પણ છે, જેમાં શાકભાજી ઉગાડાય છે. આ શાકભાજીનો ઉપયોગ મધ્યાહ્ન ભોજનમાં બાળકો માટે કરાય છે. શાળામાં પર્યાવરણની મદદથી ગ્રીન શેડ બનાવાયા છે જેથી શાળાનું તાપમાન ઘટાડી શકાય.

શાળામાં વરસાદી પાણીનો સંગ્રહ અને રિચાર્જ કરવાની વ્યવસ્થા છે. પક્ષીઓ માટે અનેક ઘરો છે. ફીડરમાં અનાજના દાણા મૂકવામાં આવે છે. પક્ષીઓને ભણવું હોય તો ભણે, બાકી ખાઈ-પીએ અને માળા બનાવીને રહે.

આ આખા પરિસરમાં ટપક પધ્ધતિથી વૃક્ષોને પાણી પીવડાવાય છે. શાળા તરફથી વિદ્યાર્થીઓને દર વર્ષે ચોમાસામાં ફળાઉ ઝાડ ભેટ આપવામાં આવે છે. પાંચ વર્ષથી આ સિલસિલો ચાલુ છે. જામફળ, સીતાફળ, દાડમ, આંબલા, જાંબુ, સરગવો જેવાં વૃક્ષો પોતાના ઘરે લઈ જઈને વિદ્યાર્થીઓ વાવે પણ છે અને જ્યારે ફળ આવે ત્યારે એ ફળ તેઓ શાળામાં લઈ આવે છે. શાળાના વિદ્યાર્થીઓ તેને ખાય છે. ૨૦૨૦-૨૧માં તો એવું થયું કે, વાલીઓ પણ છોડ લેવા આવ્યા. શાળાએ છોડની વહેંચણી કરી.

મધ્યાહ્ન ભોજન યોજનામાં સરકારે નક્કી કરેલા મેનુ પ્રમાણે જ પૌષ્ટિક આહાર બનાવવામાં આવે છે. એમાં સહેજ પણ અંચઈ કરવામાં આવતી નથી. દરરોજ સો એ સો ટકા બાળકો જમવા બેસે જ. મધ્યાહ્ન ભોજનના સંચાલક બળવંતસિંહ ઠાકોર અને રસોઈયાં દુર્ગાબહેન ખૂબ જ ભાવથી રસોઈ બનાવે. કોઈ પવિત્ર સ્થળે અન્નક્ષેત્ર ચાલતુ હોય તેવી ભાવનાથી બાળકોને જમાડવામાં આવે છે. દરેક બાળક ભરપેટ જ જમે અને શિક્ષકો ક્યારેય ના જમે. હા, ગુણવત્તા ચેક કરવા ચાખે ખરા.

આ શાળાના આચાર્ય જનકભાઈ અને શિક્ષકો તો એવા છે કે એક વર્ષમાં છ-સાત વખત પોતાના પૈસે બાળકોને આધુનિક વ્યંજનો ખવડાવે. જેમ કે, ભાજીપાંઉ, મન્ચુરિયન, દાબેલી, પૂરી-પકોડી. હેતુ એવો કે ગામનાં બાળકો આધુનિક વ્યંજનોથી અપરિચિત ન રહેવાં જોઈએ.

જનકભાઈ કહે છે કે, આ શાળાનું બાંધકામ અત્યંત ગુણવત્તાવાળુ કરવામાં આવ્યું છે. ઉત્તમ ચિત્રકાર પાસે રંગકામ અને ચિત્રો કરાવવામાં આવ્યાં છે. બેસવા માટે સુશોભિત સગવડ છે. હિંચકા-લપસણી છે. જમીન ઉપર જુદી જુદી રમતો રમી શકાય તેવાં ચિત્રાંકન કરાયાં છે. ચેસ, કેરમ, સાપસીડી, લુડો, પઝલ્સ પણ છે. વારા પ્રમાણે બાળકોને તમામ પ્રકારની રમતો રમાડવામાં આવે છે. વાચનનું ખૂબ જ મહત્વ છે. શાળામાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ૨૫૦૦ પુસ્તકો છે. દરેક બાળકે ફરજિયાત પુસ્તક વાંચવા લઈ જવાનું હોય છે. ત્રણ દિવસમાં બાળક પુસ્તક વાંચે અને પછી તેની સમીક્ષા પણ કરે. પુસ્તકોની સમીક્ષા શિક્ષકો પણ કરે છે. સાંજે ૪.૩૦ વાગ્યા પછી બાળકોને ફૂલવાડી, બાલ ભાસ્કર, ચાંદામામા જેવાં બાળ સામયિકો વાંચવા માટે અપાય છે.

આપણે ઘણી વાર ફરિયાદ સાંભળીએ છીએ કે, પાંચમા-છઠ્ઠા ધોરણમાં ભણતા બાળકને વાંચતા-લખતા નથી આવડતું હોતું. અહીં એવી કલ્પના પણ ના કરી શકો. અહીં દરેક બાળક જે ધોરણમાં ભણતું હોય તે પ્રમાણે તેની સજ્જતા હોય જ. વયકક્ષા પ્રમાણે વાંચન-લેખન-ગણન બાળક કરી જ શકે છે.

જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા ખૂબ અઘરી હોય છે. આ નાનકડા ગામના બે બાળકો, રવિભાઈ ઠાકોર અને ચંદનભાઈ ઠાકોર એ પરીક્ષા પાસ કરીને આગળ વધ્યાં છે. આ એક મોટી સિધ્ધિ છે. ગામના સરપંચ રતિલાલભાઈ ઠાકોર ખૂબ જ ઉમળકા સાથે કહે છે કે, 'જનકભાઈ પટેલે તો અમારા ગામમાં શિક્ષણની મદદથી ચમત્કાર કર્યો છે. એક શિક્ષક તરીકે, એક આચાર્ય તરીકે, એક માણસ તરીકે બધી જ રીતે તેઓ ઉમદા વ્યક્તિ છે. શિક્ષક તરીકે સમાજમાં તેમની ઊંચી પ્રતિભા છે. તેઓ સંપૂર્ણ સમર્પિત થઈને કામ કરી રહ્યા છે. તેઓ અમારા ગામના માત્ર શિક્ષક કે

અનુસંધાન પાના નં. ૭ પર